ગુજરાતમિત્ર

ગતિવિધિ

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ હેઠળ પેરા લીગલ વોલેન્ટિયર્સ તરીકે સેવા આપવા અરજી

વડોદરા : જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, વડોદરા અને તાલુકા કાનૂની સેવા સમિતિ, વડોદરા તથા વડોદરા જિલ્લાના તમામ તાલુકા માટે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ની ટર્મ માટે સમાજના જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે કાનૂની સહાય તથા સલાહ મળી રહે તે હેતુસર પેરા લીગલ વોલેન્ટિયર્સ તરીકેની સેવા પૂરી પાડવા અરજીઓ મંગાવવામાં આવી છે. જે વ્યકિતઓ નિઃસ્વાર્થ સેવા કરવા ઈચ્છતા હોય અને તે બદલ આવકની અપેક્ષા ન રાખતા હોય તથા જેની માનસિકતા સમાજના નબળા, સીમાંત અને જરૂરીયાતમંદ લોકોની વૃદ્ધિ અને ઉત્થાન કરવાની, તેમના પ્રત્યે કરૂણા અને સહાનુભૂતિ હોય તેવા લોકોને પેરા લીગલ વોલેન્ટિયર્સની નિમણૂંકમાં પ્રાધાન્યતા આપવામાં આવશે. પેરા લીગલ વોલેન્ટિયર્સ તરીકે સેવા આપવા રસ ધરાવતા શિક્ષકો (નિવૃત શિક્ષકો સહિત), નિવૃત સરકારી કર્મચારીઓ, અને વરીષ્ઠ નાગરિકો, આંગણવાડી/આશાવર્કસ, ડોક્ટર્સ તથા ફિઝિશિયન, કાયદાના વિદ્યાર્થીઓ, બિનરાજકીય સેવાના સભ્યો તથા બિનસરકારી સંસ્થાના સભ્યો, સેવાલક્ષી સંસ્થાના સભ્યો, મહિલા મંડળ જૂથના સભ્યો, મૈત્રી સંગમ અને અન્ય સ્વ સહાય જૂથના સભ્યો અને સીમાંત/નબળા જૂથના સભ્યો, લાંબા સમયની સજા પડેલ સારી વર્તણૂંક ધરાવતા કેદીઓ તથા અન્ય ઉમેદવારોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, બી-૩૫, પ્રથમ માળ, ન્યૂ બિલ્ડીંગ, ન્યાય મંદિર, વેક્સિન ઈન્ટીટ્યૂટની બાજુમાં, દિવાળીપુરા, વડોદરા (ફોન નં. ૦૨૬૫ ૨૩૦૫૫૪૪) નો તા. ૧૦/૦૭/૨૦૨૪ સુધીમાં સંપર્ક સાધવો તથા તે લગત નિયત નમૂનાનું ફોર્મ મેળવી, ભરી જમા કરાવવું. પેરા લીગલ વોલેન્ટિયર્સ માટેની લાયકાત સાક્ષર, મેટ્રીક તથા જરૂરી સમજણ હોવી જરૂરી છે. ઉમેદવારોને નિયમ મુજબ નિમણૂંક થયેથી તેમની કામગીરી માટે ધારાધોરણ મુજબનું માનદવેતન મળવા પાત્ર થશે. પસંદગી પ્રક્રિયા તથા ઈન્ટરવ્યૂ ચેરમેનશ્રી સૂચના અનુસાર કરવામાં આવશે, તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

રોજગાર કચેરી, તરસાલીને ૩૦ જુલાઈ સુધીમાં રોજગારલક્ષી રીટર્નની વિગતો મોકલવા તાકીદ

વડોદરા : વડોદરા જિલ્લાના તમામ જાહેર (સરકારી) અને ખાનગી એકમો કે સંસ્થાને સી એન વી એકટ ૧૯૫૯ અન્વયે ત્રિ-માસિક અને છ-માસિક રોજગારલક્ષી રીટર્ન પત્રકો ત્રિ-માસિક સમય પૂર્ણ થયા બાદ ૩૦ દિવસની સમય મર્યાદામાં મદદનીશ નિયામક રોજગારની કચેરી, વડોદરાને મોકલવા ફરજિયાત છે. આથી જુલાઈ -૨૦૨૪ અંતિત રોજગારીના સ્ત્રી-પુરુષ અધિકારી -કર્મચારીની સંખ્યા દર્શાવતું ત્રિ-માસિક ઈ.આર.-૧ પત્રક મોકલવાની છેલ્લી તા. ૩૦/૦૭/૨૦૨૪ છે. તેમજ એકમ કે સંસ્થાએ કોઈપણ નવી ભરતી કે નિમણૂંક કરવાના ૧૫ દિવસ પહેલા રોજગાર કચેરીને ખાલી જગ્યાની જાણ કરવી પણ ફરજિયાત કરવાની હોય છે. વડોદરા શહેર-તાલુકા-જિલ્લામાં આવેલા જાહેરક્ષેત્રમાં તમામ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કચેરીઓ તેમજ કેન્દ્ર કે રાજય સરકાર હસ્તકના બોર્ડ, નિગમ, કંપનીનો સમાવેશ થાય છે તેમજ ખાનગીક્ષેત્ર (સેવા,ઉત્પાદન અને વેપાર)નાં એકમો-સસ્થામાં ૨૫ કે તેથી વધુ કર્મચારી ધરાવતા કારખાના, ઓફીસ, શાળા-કોલેજો, હોસ્પિટલ, હોટેલ, પેટ્રોલપંપો, મોલ, શોરૂમ, બેન્કો, એન.જી.ઓ., ટ્રસ્ટનો સમાવેશ થાય છે. ૨૫ કે તેથી વધુ સંખ્યા ધરાવતા ખાનગી એકમો કે સંસ્થાએ સી એન વી એકટની જોગવાઈનું પાલન કરવું ફરજિયાત છે, જયારે ૨૫ કે તેથી ઓછા કર્મચારી માટે મરજીયાત છે. સી એન વી એકટની જોગવાઈઓનો ભંગ કરવો એ ગુન્હો છે. સીએનવી એકટની જોગવાઈ મુજબ ત્રિ-માસિક, છ-માસિક રીટર્ન પત્રક સમયસર મોકલવા તેમજ તમામ પ્રકારની ભરતી પૂર્વેની ખાલી જગ્યાની જાણ સમયસર રોજગાર કચેરીને કરવા તેમજ કાયદાની જોગવાની સમજ માટે રોજગાર કચેરી, તરસાલીની મુલાકાત લેવા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ચોમાસામાં સંભવિત આપત્તિનો સામનો કરવા વહીવટી તંત્ર સજ્જ કંટ્રોલ રૂમ 24X7 કાર્યરત

વડોદરા : વડોદરા જિલ્લામાં ચોમાસાની ઋતુને અનુલક્ષીને પૂર, વાવાઝોડું, અતિવૃષ્ટિ જેવી સંભવિત પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. આ સંભવિત કુદરતી આપદાઓને પહોંચી વળવા વડોદરા જિલ્લામાં જિલ્લા કક્ષાએ તેમજ તમામ તાલુકા મથકોએ નિયંત્રણ કક્ષ શરૂ કરવામાં આવ્યા છે. વડોદરા જિલ્લા કક્ષાએ કલેક્ટર કચેરી ખાતે નિયંત્રણ કક્ષ શરૂ કરવામાં આવ્યો છે, જેનો સંપર્ક નંબર ૧૦૭૭ અને ૦૨૬૫-૨૪૨૭૫૯૨ છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ પણ મુખ્ય મથક ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. જેના સંપર્ક નંબરો જણાવીએ તો, પાદરા તાલુકાના કંટ્રોલ રૂમનો સંપર્ક નંબર ૦૨૬૬૨-૨૨૨૫૯૦ છે. આવી જ રીતે સાવલી તાલુકા માટે ૦૨૬૬૭-૨૨૨૦૪૫ (મોબાઈલ - ૯૪૦૮૩૧૬૬૦૨), કરજણ તાલુકા માટે ૦૨૬૬૬-૨૩૨૦૪૬, ડભોઈ તાલુકા માટે ૦૨૬૬૩-૨૫૪૩૧૫, વાઘોડિયા તાલુકા માટે ૦૨૬૬૮-૨૬૨૨૨૯ (મોબાઈલ - ૮૧૪૦૬૩૦૧૪૬), ડેસર તાલુકા માટે ૦૨૬૬૭-૨૯૯૦૮૭/૮૮, શિનોર તાલુકા માટે ૦૨૬૬૬-૨૬૪૨૭૨ તેમજ વડોદરા તાલુકા માટે ૮૨૦૦૭૪૬૨૯૨ નંબર પર સંપર્ક કરવાનો રહેશે. આ તમામ કંટ્રોલ રૂમ અને સંપર્ક નંબરો ૨૪*૭ કાર્યરત રહેશે. ચોમાસા દરમિયાન ભારે કે અતિભારે વરસાદ, વાવાઝોડું, પૂર, પાણી ભરાઈ જવાની સમસ્યા સહિતના નિરાકરણ માટે વડોદરા જિલ્લાના નાગરિકો ઉક્ત નંબરો પર ગમે ત્યારે સંપર્ક કરી શકશે. તદુપરાંત જિલ્લામાં આરોગ્ય, ફાયર, વન વિભાગ, જિલ્લા પંચાયત, માર્ગ-મકાન વિભાગ અને સિંચાઈ વિભાગ દ્વારા પણ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. વરસાદી પાણીના નિકાલ માટે પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નક્કર આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરા જિલ્લા વિકાસ અધિકારી મમતાબેન હિરપરા દ્વારા એવોર્ડ એનાયત

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબેન મહિડા તથા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ રોહિત અને વડોદરા જિલ્લા વિકાસ અધિકારી મમતાબેન હિરપરા દ્વારા આ એવોર્ડ મળવા બદલ આરોગ્ય વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

દાહોદ નગરપાલિકા કારોબારી ચેરમેન સહિત કાઉન્સિલરો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત

દાહોદમાં પ્રાથમિક સુવિધા મુદ્દે પાલિકામાં પ્રમુખ સામે એક જુથ થઇ બાંયો ચડાવી

ખુદ પાલિકાના સત્તાધિશોમાં પણ છુપા ગણગણાટ વચ્ચે આક્રોશ

(પ્રતિનિધિ) દાહોદ,તા.2

દાહોદ નગર પાલિકામા છેલ્લા કેટલાય સમયથી પ્રમુખ સામે એક જુથ થઇ બાયો ચડાવી છે નગર સેવકોને નગરજનોની પ્રાથમિક સુવિધા પ્રત્યે કોઇ પડી નથી અને ફકત એક થઇ સામે બાંયો ચડાવી દીધી છે.

દાહોદ નગર પાલિકાની સામાન્ય સભા બોલાવવા માટેની કાર્યવાહી કરવા બાબતે દાહોદ નગરપાલિકા કારોબારી ચેરમેન સહિત કાઉન્સીલરો દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે ત્યારે બીજી તરફ દાહોદ નગરપાલિકામાં છેલ્લા કેટલાંય સમયથી પાલિકા પ્રમુખની કામગીરી પર વાંધો ઉઠાવતાં પાલિકાના અંદરો અંદરના વિખવાદને પગલે અંદરખાને અવિશ્વાસની દરખાસ્તોનો દોર પણ ચાલી રહ્યો હોવાનો ગણગણાટ થઈ રહ્યો છે. સમગ્ર મામલે દાહોદ પાલિકા પ્રમુખની કામગીરી કોઈના ગળે ન ઉતરતા દાહોદ શહેરવાસીઓની સાથે સાથે ખુદ પાલિકાના સત્તાધિશોમાં પણ છુપા ગણગણાટ વચ્ચે છુપો આક્રોશ પણ જોવા મળી રહ્યો છે ત્યારે આવનાર દિવસોમાં પાલિકા પ્રમુખની કામગીરી સામે બળવાના એંધાણો સર્જાશે તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. દાહોદ નગરપાલિકા કારોબારી ચેરમેન સહિત પાલિકાના કાઉન્સીલરો દ્વારા આજરોજ દાહોદ જિલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ નગરપાલિકાની છેલ્લા સામાન્ય સભા તા.૦૭.૦૩.૨૦૨૪ના રોજ મળી હતી. નગરની પ્રજાના હિત માટે તથા રાજ્ય સરકારની વિવિધ ગ્રાન્ટોનો ઉપયોગ તથા વહીવટી કામો માટે સામાન્ય સભા અતિઆવશ્યક છે. પરંતુ દાહોદ નગરપાલિકાની સામાન્ય સભા ચાર માસ અગાઉ તા.૦૭.૦૩.૨૦૨૪ના રોજ મળી હતી. સામાન્ય સભા ન બોલાવવાના કારણે સામાન્ય પ્રજાને ભારે હાલાકીનો સામાનો કરવો પડી રહ્યો હોવાના આક્ષેપો આવેદનપત્રમાં જણાવ્યાં હતાં જેમાં ભુગર્ભ ગટરના ૧૦થી ૧૫ ટકા કનેક્શન બાકી છે જે તાત્કાલિક કરવા જરૂરી છે. કર્મચારી-સફાઈ કામદારાના પેન્ડીંગ પ્રશ્નોની ચર્ચા અને નિર્ણય કરવા બાબત, હાઉસ ટેક્સ તથા અન્ય વેરાને લગતા પ્રશ્નો અંગે, નગરના વિવિધ વિસ્તારોમાં મંજુર થયેલા રસ્તાઓની કામગીરી કરવા તથા જરૂરીયાત મુજબના નવા રસ્તાના આયોજન અંગે, ચોમાસાની ઋતુમાં નગરની પ્રજાની ચિંતા માટે આરોગ્ય બાબતના કામો, વરસાદી પાણીના નીકાલ તથા સફાઈની બાબતોના કામો અંગે, નગરના તમામ વિસ્તારોમાં પુરા દબાણથી પુરતુ પાણી મળી રહે તેના આયોજન અંગે અને દાહોદની પ્રજાને નગરપાલિકાની ગેરહાજરીના કારણે મુશ્કેલી વેઠવી ન પડે તે બાબતે દાહોદ જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી. દાહોદ નગરપાલિકાના અંદરો અંદરના વિખવાદને પગલે દાહોદનો વિકાસ ક્યાંકને ક્યાંક રૂંધાઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. પ્રજાની સુખાકારી માટે પાલિકા પ્રમુખની કામગીરી પર અનેક સવાલો ઉઠવા પામ્યાં છે. આવનાર દિવસોમાં આ નારાજગી કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તેની પર સૌ કોઈની નજર છે.

દહેગામ પાસે નવા એક્સપ્રેસ વે પર ટ્રક પકડી

ભરૂચમાં કતલના ઈરાદે લવાયેલી 15 પશુ ભરેલી ટ્રક ઝડપાઈ

પોલીસે ડ્રાઈવર-ક્લીનર સાથે રૂા.7.20 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) ભરૂચ,તા.૨

નવા એક્સપ્રેસ વે પર દહેગામ ટોલનાકા પાસે ડ્રાઈવર-ક્લીનર સાથે એક ટ્રકમાં કતલ કરવાના ઈરાદે ૧૪ ભેંસો અને એક પાડો મળીને કુલ રૂ.૭.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ભરૂચ કંટ્રોલ પોલીસ દ્વારા ભરૂચ રૂરલ પોલીસને વર્ધી મળી હતી કે નવા એક્સપ્રેસ રોડ દહેગામ ટોલનાકા પાસે એક ટ્રક નં-GJ-૨૪ X-૭૮૭૨ પશુ ભરીને આવશે એ માટે વોચમાં પોલીસકર્મી મોકલવાની જાણ કરી હતી.જેને લઈને ભરૂચ રૂરલ પોલીસે દહેગામ ટોલનાકા પર રાત્રે વોચ ગોઠવ્યો હતો. એક્સપ્રેસ વે પરથી દહેગામ ઉતરતા આ ટ્રકને રોકીને ક્લીનરને પૂછતા સંતોષકારક જવાબ ન આપ્યો હતો.જેને અંદર ચેક કરતા ટ્રકમાં ખીચોખીચ ભેંસો અને પાડો ભરીને ઘાસચારો કે પાણીની સગવડ ન હતી.ટ્રક ડ્રાઈવર તાહિર હનીફભાઈ મન્સૂરી (ઉ.વ.૩૯) અને ક્લીનર અલ્તાફ અબ્બાસખાન સિપાઈ (ઉ.વ.૨૮) બંનેરહે-ખડિયાસણ,મસ્જિદ પાસે સિદ્ધપુર,જી-પાટણને પૂછતા પશુઓની હેરાફેરી કરવા માટે પાસ પરમીટ કે ડોકટરનું સર્ટીફીકેટ લીધું ન હતું. સઘન પુછપરછ કરતા ઘટસ્ફોટ કર્યો હતો કે આણંદ તાલુકાના સામરખા અજરભાઈએ ભેંસો અને પાડો ટ્રકમાં ભરીને ભરૂચમાં મુનાફભાઈ આપવા માટે મોકલ્યા હતા.

ભરૂચ રૂરલ પોલીસે ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરીને ૧૪ ભેંસો અને એક પાડો મળીને કિંમત રૂ.૨,૧૦,૦૦૦/- તેમજ એક ટ્રક કિંમત રૂ.૫,૦૦,૦૦૦/- મળીને કુલ રૂ.૭,૨૦,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરીને પશુ ઘાતકીપણા એક્ટ હેઠળ બે વોન્ટેડ સહીત ચાર સામે ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે.

રોકડ રકમ, મોબાઈલ ફોન અને કાર મળી રૂ.4.88 લાખનો મુદ્દામાલ કબજે

જીતાલી ગામની સ્ટાર લેક સીટી સોસાયટીમાંથી 4 જુગારી ઝડપાયા

ચારેય જુગારીયાઓ વિરુદ્ધ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ભરૂચ,અંકલેશ્વર,તા-૨

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામની સ્ટાર લેક સીટી સોસાયટીના એક મકાનમાંથી ભરૂચ LCB પોલીસે જુગાર રમતા બે મુંબઈના સહીત ૪ જુગારીયાઓને ઝડપી પાડી રોકડ રકમ, મોબાઈલ ફોન અને એક કાર મળી રૂ.૪.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર, ભરૂચ LCB પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમ્યાન જીતાલી ગામની સ્ટાર લેક સીટી સોસાયટીના મકાન નંબર 21 માં જુગાર રમાય રહ્યો હોવાની માહિતી મળી હતી.

જે માહિતીના આધારે LCB પોલીસે રેડ કરતા જુગાર રમતા જહૂર માલવાણી શેખ રહે-૨૧,સ્ટાર લેક સીટી,જીતાલી,તા-અંકલેશ્વર, જ્ઞાનચંદ શિવપૂજન સોની રહે-સાંઈબાબા ગોકુલનગર, આરકુબી રોડ, કાંદીવલી,ઈસ્ત મુંબઈ, શશીકાન્ત મુક્તિ મંડલ રહે-મારૂતિધામ,લક્ષ્મણનગર સારંગપુર, તા-અંકલેશ્વર તેમજ અજય સદાનંદ ધુમાડ-રહે-ગોરેગાંવ,પશ્ચિમ પ્રેમનગર,મુંબઈને ઝડપી લીધા હતા. ભરૂચ LCB પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.૪૮૦૦૦/- ૪ મોબાઈલ કિંમત રૂ.૪૦૦૦૦/- અને એક કાર કિંમત રૂ.૪ લાખ મળી કુલ રૂ.૪,૮૮,૦૦૦/- મત્તાનો મુદ્દામાલ જપ્ત કરી ચારેય જુગારીયાઓ વિરુદ્ધ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો.

ઈન્સ્પાયર એવોર્ડ માનક યોજના અન્વયે વર્ષ 2024-25 માટે ઓનલાઈન નોમિનેશન શરૂ

તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ પહેલા દરેક શાળાએ નોંધણી અને નોમિનેશન કરાવી લેવું

દરેક સ્કૂલ પાંચ આઈડિયા સબમિટ કરી શકશે તેમજ દરેક શાળાએ રજિસ્ટ્રેશન અપડેટ માટે યુડાયસ કોડ ઉમેરવાનો રહેશે

ઈન્સ્પાયર એવોર્ડ યોજના એ ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા ૧૨ મી પંચવર્ષીય યોજનામાં, શાળામાં ધો. ૬ થી ૧૦ માં ભણતા બાળકોને સાયન્સ પ્રોજેક્ટ બનાવવા માટે નાણા આપવાની યોજના અમલમાં છે. વર્ષ-૨૦૧૭ થી સ્ટાર્ટ અપ ઈન્ડિયાના ભાગરૂપે અમલમાં મૂકાયેલી નવી ઈન્સ્પાયર એવોર્ડ માનક યોજના અન્વયે પસંદિત વિદ્યાર્થીને રૂ. ૧૦,૦૦૦ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ લેવા માટે જિલ્લાની તમામ ધોરણ-૬ થી ૮ ધરાવતી શાળાઓ તથા ધોરણ-૯ અને ૧૦ ધરાવતી શાળાઓનું http:www.inspireawards-dst.gov.in વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન તથા નોમીનેશન કરાવવાનું રહે છે. જે શાળાઓએ અગાઉના ગત વર્ષોમાં નોંધણી કરાવી છે, તેઓએ જૂના રજિસ્ટ્રેશનથી જ લોગીન કરી નોમિનેશન કરવાનું રહેશે. નોમિનેશન કરતી વખતે રોજબરોજની સમસ્યાઓ પ્રશ્નોના સમાધાનના રૂપમાં ઈનોવેટીવ ઉકેલ-આઈડિયા લેખિત સ્વરૂપે (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) એક સાદા ફૂલસ્કેપ પેજમાં તૈયાર કરી ઓનલાઈન અપલોડ કરવાનું ફરજિયાત રહે છે. અગાઉથી જ આ પેજ અંગ્રેજી અથવા ગુજરાતીમાં ટાઈપ કરી માઈક્રોસોફ્ટ વર્ડ/PDF/JPEG ફાઈલમાં તૈયાર કરવું. તથા વિદ્યાર્થીની બેન્ક એકાઉન્ટને લગતી માહિતી તૈયાર રાખવી.

વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓનલાઈન નોમિનેશનની શરૂઆત તા. ૦૧/૦૭/૨૦૨૪ થી શરૂ થઇ છે. અને તા. ૧૫/૦૯/૨૦૨૪ના રોજ બંધ થશે. આથી દરેક શાળાને રજીસ્ટ્રેશન તથા નોમિનેશન કરાવી લેવું. જે શાળાઓએ પોતાની નોંધણી હજુ સુધી નથી કરાવી તેમણે વેબસાઈટ પર જઈને તાત્કાલિક રજિસ્ટ્રેશન તથા નોમિનેશન કરાવી લેવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની અખબારી યાદીમાં સૂચના આપવામાં આવી છે. દરેક સ્કૂલ પાંચ આઈડિયા સબમિટ કરી શકશે તેમજ દરેક શાળાએ રજિસ્ટ્રેશન અપડેટ માટે યુડાયસ કોડ ઉમેરવાનો રહેશે. મદદ માટે ૯૬૩૮૪૧૮૬૦૫/૯૪૨૯૮૭૩૪૬૯ પર સંપર્ક કરવાનો રહેશે. દેશની ભાવિ પેઢી બુદ્ધિશાળી અને પ્રતિભાશાળી બંને તે માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવતા આ એક ઉમદા પ્રયાસમાં સૌને જોડવા તથા તમામ શાળાઓ રજિસ્ટ્રેશન અને નોમિનેશન કરાવે તેવા પ્રયાસો કરવા સંકુલના આચાર્યશ્રીઓ અને બી.આર.સી. કો-ઓર્ડીનેટરોને જણાવાયું છે. આ અંગે કોઈ પણ પ્રકારનો પ્રશ્ન કે મૂંઝવણ હોય તો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાનો સંપર્ક કરવાનો રહેશે, તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

અંકલેશ્વર ONGC ઓવરબ્રિજમાં ભૂવો પડતા અનેક પ્રશ્નાર્થ

(પ્રતિનિધી) ભરૂચ,અંકલેશ્વર,તા-૨ અંકલેશ્વરમાં છેલ્લા અઠવાડિયાથી અનરાધાર વરસાદ પડી રહ્યો છે.ત્યારે વરસાદી માહોલમાં અંકલેશ્વર શહેરથી GIDC વિસ્તારને જોડતો હાલમાં જ બનેલો ONGC ઓવરબ્રિજ પર ગાબડું પડયાના દ્વશ્યો જોવા મળ્યા છે.જો કે ONGC ઓવરબ્રિજ લગભગ દોઢેક વર્ષ મરામત અર્થે બંધ રાખવાની નોબત આવી હતી.ઓવરબ્રિજ બન્યાને થોડા જ દિવસોમાં જ ગાબડું પડતા સૌને આશ્ચર્યમાં મૂકી છે. અંકલેશ્વર ONGC ઓવરબ્રિજ થોડા દિવસથી જ વાહન વ્યવહાર અર્થે શરૂ કરવામાં આવ્યો છે, ત્યારે ₹પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવા ONGC ઓવરબ્રિજના થયા છે.પ્રથમ ચોમાસામાં જ ONGC ઓવરબ્રિજ પર ગાબડું પડતા બ્રિજની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થયા છે.

ભરૂચ નગરમાં એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ ધરાશાયી થતા યુવક ઈજાગ્રસ્ત

ગેલેરી નીચે ઉભેલી રિક્ષાનું કચ્ચરઘાણ નીકળ્યું

(પ્રતિનિધિ) ભરૂચ,તા-૨

ભરૂચ નગરના કસક વિસ્તારમાં આવેલ અપ્સરા એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ ધરાશાયી થઈ કાટમાળ નીચે પડતાં એક યુવકને ઈજા પહોચી હતી, એપાર્ટમેન્ટની ગેલેરી ધરાશાયી થતા જ એક રિક્ષાનો પણ કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

ભરૂચ શહેર સહીત જીલ્લામાં અનરાધાર મેઘ મહેરથી ઠેર ઠેર વૃક્ષો અને મકાનોના જોખમી ભાગ ધરાશાયી થવાની ઘટનાઓ યથાવત બની રહી છે.ભરૂચ શહેરમાં એક દિવસ અગાઉ પણ બે જગ્યાએ ઝાડ અને મકાનની વાછટ પડી ગઈ હતી.બીજા દિવસે જ ભરૂચ શહેરમાં વરસાદી માહોલ વચ્ચે કસક વિસ્તારમાં આવેલ અપ્સરા એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ અચાનક ધરાશાયી થઈને તૂટી પડ્યો હતો.એ વખતે ત્યાં ઉભેલા સ્થાનિક ૩૫ વર્ષીય અજીતસિંહ રણજીતસિંહ રાણાને ઈજા પહોચતા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સાથે જ અપ્સરા એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ ધરાશાયી થતા તેનો કાટમાળ નીચે પડતાં રિક્ષા દબાઈ જતા ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો.

ભરૂચમાં ચોમાસાની જમાવટ સાથે ૨ દિવસમાં ધરાશાયીના ૩ બનાવો સામે આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તંત્ર માત્ર નોટિસો પાઠવીને કામગીરી કર્યાનો સંતોષ માને છે, ત્યારે ખરા અર્થમાં કોઈ કામગીરી કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.

ભરૂચ જિલ્લામાં ચોથા દિવસે વરસાદ પડ્યો !

ભરૂચમાં એક ઈંચ,હાંસોટ અને વાલિયામાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો

અંકલેશ્વર તાલુકામાં સવા બે ઈંચ મેઘ મહેર,ચોથા દિવસે ઓછા વરસાદથી નીચાણવાળા વિસ્તારમાં છીછરું પાણી રોડ પર પથરાયેલું

(પ્રતિનિધિ) ભરૂચ,ઝઘડિયા,તા.2

ભરૂચ જિલ્લામાં ચાર દિવસથી વરસાદ પડતા જનજીવન અસર દેખાઈ રહી છે.છેલ્લા ચોવીસ કલાકમાં અંકલેશ્વર તાલુકામાં સવા બે ઈંચ,ભરૂચમાં એક ઈંચ,હાંસોટ અને વાલિયામાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

ભરૂચ જિલ્લામાં મેઘ મહેરથી આખો પ્રદેશ ભીનાશવાળો બની ગયો હતો. મંગળવારે જંબુસરને અપવાદરૂપ છોડતા તમામ આઠ તાલુકામાં સવારે પણ વરસેલા વરસાદ પડ્યો હતો. વરસાદ ઓછો પડતા ભરૂચ શહેરના નીચાણ વાળા વિસ્તારમાં છીછરા પાણી જોવા મળ્યા હતા. ચોમાસાની એન્ટ્રીથી કેળાનું મુખ્ય કેન્દ્ર ઝઘડીયા તાલુકામાં ધરતીપુત્રો પાકના વાવણીમાં જોતરાઈ જશે.

૮ તાલુકામાં સોમવારે સાંજે-૬થી મંગળવારે સાંજે ૬ વાગ્યા સુધી વરસાદ પડયો

ભરૂચ જિલ્લામાં જંબુસરને બાદ કરતા આઠ તાલુકામાં સોમવારે સાંજે-૬થી મંગળવારે સાંજે ૬ વાગ્યા સુધી વરસાદ પડયો હતો. આમોદ તાલુકામાં ૨ મીમી,સૌથી વધુ અંકલેશ્વરમાં ૫૬ મીમી,ઝઘડીયામાં ૧૧ મીમી,નેત્રંગમાં ૨૧ મીમી,સૌથી વધુ ભરૂચમાં ૨૫ મીમી,વાગરામાં ૬ મીમી,વાલિયામાં ૩૪ મીમી, અને હાંસોટમાં ૩૬ મીમી વરસાદ ખાબક્યો હતો.

જો કે ઝઘડીયા પંથકમાં બેસુમાર વરસાદથી સ્થાનિક બજારમાં છત્રી,રેઈનકોટ,કાચા મકાનોને ઢાંકવા તાડપત્રી અને ખેતીવિષયક સરસામાન ખરીદવા માંડશે.

જો કે સાથે આખા ભરૂચ જિલ્લામાં મેઘ મહેરથી બચવા માટે જનજીવન કેટલીક વસ્તુ વસાવશે.

વિજેતા દિપક રામદાસ હલવાઈ ૨૨ ઓપન સાઈટ થ્રી પ્રોજીશન ઈન્ડીવિઝ્યુલમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો

સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપ કોમ્પિટીશન-24

સ્પર્ધામાં શહેર-જીલ્લાના કુલ ૯૦ જેટલા શૂટર્સએ ભાગ લીધો હતો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

હાલમાં ગુજરાત સ્ટેટ રાયફલ એસોસીએશન દ્વારા ૬૦મી ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપ કોમ્પિટીશન - ૨૦૨૪ (રાયફલ/પિસ્તોલ) આયોજન તા. ૨૨-૦૬-૨૦૨૪ થી ૩૦-૦૬-૨૦૨૪ સુધી ખાનપુર, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યુ હતુ. જેમાં વડોદરા શહેર-જીલ્લાના કુલ ૯૦ જેટલા શૂટર્સએ ભાગ લિધેલ હતો. સદર સ્પર્ધામાં ૧૦મીટર, ૨૫મીટર, ૫૦મીટર જેવી વિવિધ રેન્જ પર મેન, વુમેન, જુનિયર મેન, જુનિયર વુમેન, યુથ મેન અને યુથ વુમેન જેવી અલગ-અલગ ૮૦ જેટલી કેટેગરીઓની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હતા. જેમાં વિવિધ કેટેગરીઓમાં વડોદરાના ખેલાડીઓએ કુલ ૪૭ મેડલ મેળવેલ છે. કુલ ૨૨ સુવર્ણ ચંદ્રક કે જે દિપક હલવાઈ (૪ સુવર્ણ ચંદ્રક), ભવ્યા પટેલ (૩ સુવર્ણ ચંદ્રક), શેખર ભાગવત (૨ સુવર્ણ ચંદ્રક) , ડો.મોઈનઉદ્દીન, અહદ ખાન, અફઝલ ખાન, તનુષ ચાવડા, તનિષ્કા ચૌહાણ, વાણીયા ફોરર્મ, રીચા ભટનાગર, અર્પિતા તિવારી, શ્રેષ્ઠાબા રાજ, ઈવાંશી પરાલીયા, પર્લ પરમાર, અમિતસિંહ તોમર, સલોની વધવા, કુલ ૦૯ રજત ચંદ્રક કે જે ડો. નિકુંજ પરમાર (૩ રજત ચંદ્રક), તનુષ ચાવડા, વિરાજ ચૌહાણ, પટેલ સોએબ, અમિતસિંહ તોમર, હર્ષવર્ધનસિંહ રાઠોડ, ભવ્યા પટેલ અને ૧૬ કાંસ્ય ચંદ્રક કે જે હર્ષવર્ધનસિંહ રા